# પગલું - ૧૬

- સૂરજદાદા
- સૂરજદાદા આવે છે.
- તે અજવાળું લાવે છે.
- ગામના કૂકડા જાગી ગયા છે.
- કૂકડા કૂકડે કૂક કરવા લાગી ગયા છે.
- દૂર દૂર ઝાલર વાગે છે.
- ગાયના ધણ ચરવા નીકળે છે.
- સૂરજદાદા ને અમારા વંદન.

| | | |
|---|---|---|
| લૂમ | પૂનમ | ખજૂર |
| ફૂલ | પૂતળું | ખેડૂત |
| મૂછ | કૂતરુ | ખૂરપી |
| રૂ | રૂઝ | રૂમાલ |
| ચૂરમું | ભૂંગળુ | મજૂર |

BasicFoundation.in

- કૂતરાને ભૂખ લાગે છે.
- ઘામાં રૂઝ આવે છે.
- ચકલી ડાળી પર ઝૂલે છે.
- નદીમાં પૂર આવે છે.
- સસલું કૂણું ઘાસ ખાય છે.
- હું દૂધ પીવાનું ભૂલી ગઇ.

| |
|---|
| કૂદે છે.<br>વાંદરા કૂદે છે.<br>વાંદરા છાપરા પર કૂદે છે. |
| બાંધે છે.<br>રૂમાલ બાંધે છે.<br>છોકરા આંખે રૂમાલ બાંધે છે. |
| ભસે છે.<br>કૂતરા ભસે છે.<br>કૂતરા બકરી સામે ભસે છે. |

BasicFoundation.in